સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પ્રજા-બેન્કો લૂંટી, વિદેશીઓને પૉંખવા બેઠા છે,
લલિત, નીરવ-મોદીઓ કરી નાખવા બેઠા છે,
જોખવા બેઠા છે કરિયાણું ગરીબોના પ્રસ્વેદનું
ભૂદા ભરી ખૂદના ચણ નાખવા બેઠા છે...

હાઈકુ

ખાચક ચિતા,
ને ખોળે બેઠી પ્રજા
બેન્કો હોલીકા

બેન્કો ખૂદ જ
અર્થતંત્ર રક્ષક -
ગળે ચીભડાં

ચિંતન

શરદિ ન વર્ષતિ ગર્જતિ વર્ષતિ વર્ષાસુ નિઃસ્વનો મેઘઃ ।
નીચો વદતિ ન કુરુતે ન વદતિ સુજનઃ કરોત્યેવ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

શરદઋતુમાં મેઘ ગર્જના કરે છે, પણ વરસતો નથી અને વર્ષાઋતુમાં જે મેઘ વરસે છે તે ગર્જના કરતો નથી, તેમ નીચ પુરુષ બોલે છે, પણ કરતો નથી અને ઉત્તમ પુરુષ બોલતો નથી પણ તે કરે છે જ.

શરદમાં માવઠાં કે ઋતુની 'પશ્ચિમી ગરબડ'ને કારણે વાદળ અને ગાજવીજ ક્ષણિકવાર (ચૂંટણી પૂરતાં) ચોમાસાંનો અભિનય કરે છે પણ એ વચનની જેમ વરસતાં નથી માત્ર દંભ-દેખાડો જ હોય છે.

જુઠ્ઠા માણસો નર્મદાના જલથી તળાવ-ડેમ ભરી બતાવે પણ બધું પોકળ હોય છે. ઉદ્‌ઘાટન થયા પછી બધો દંભ સંકેલાઈ જાય છે.

સુવિચાર

- સત્યનો અસત્યથી બીવાનું નથી હોતું એટલું સિદ્ધાંતથી બીવાનું હોય છે - **ફ્રેડરિક નિત્સે**
- ભણાવવાનો હેતુ એ હોવો જોઈએ કે વિદ્યાર્થી વિના શિક્ષકે ભણી શકે - **ફાધર વાલેસ**
- જે આનંદ આવતીકાલે તમને બચકું ભરવાનો છે, તેનાથી આજે દૂર રહો - **બર્નીઝ કહેવત**
- જેનું મન સદા પરમાત્માના સ્મરણ - ચિંતનમાં રહે છે, તેની સંભાળ પરમાત્મા પોતે જ રાખે છે - **જનકલ્યાણ**
- બદામ અને અખરોટ ઈશ્વર તમને આપે છે, પરંતુ તે ફોડવી તો તમારે જાતે જ પડે છે - **સંત ઓગસ્ટિન**
- મન સ્વચ્છ હોય તો વસ્ત્ર અને વાણી આપોઆપ સ્વચ્છ રહે - **ર.વ. દેસાઈ**
- આજનું ઔષધ : પપૈયાના ગરમાં ચંદન અને સંતરાની સૂકી છાલનું મિશ્રણ ભેળવી ચહેરા પર લગાડવાથી ડાઘ ઓછા થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ખૂબ મહેનત કરીને પ્રામાણિક જીવન જીવીને ખેતી કરતાં એક ખેડૂતને ઈન્દ્ર ભગવાન સ્વપ્નમાં આવ્યા અને કહ્યું કે તમારા વિસ્તારમાં આવતા પાંચ વર્ષ સુધી વરસાદ નહિં પડે.

ખેડૂત ઊંઘમાંથી જાગી ગયો. પણ સ્વપ્નની વાત અવગણીને ચૂપચાપ પોતાના છોકરાને લઈને ખેતી કરવા ખેતરે પહોંચ્યો. ઈન્દ્ર ભગવાને જોયું કે મારા શાપથી ખેડૂત ઉપર કોઈ અસર થઈ નથી. ઈન્દ્ર ભગવાને બ્રાહ્મણનો વેશ લઈ ખેતરમાં મજૂરી કરતા ખેડૂત પાસે જઈ પૂછ્યું, 'અરે ભાઈ મેં એવું સાંભળ્યું છે કે આ વિસ્તારમાં આવતા પાંચ વર્ષ સુધીકોઈ વરસાદ પડવાનો નથી, તેમ છતાં તમે ખેતીમાં તનતોડ મહેનત કરી રહ્યા છો ? જાવ ઘરે અને ઈંદ્રની આરાધના કરો તો કદાચ ઈન્દ્રની કૃપા થાય અને તમારી ખેતી ફળે.'

ખેડૂતે બ્રાહ્મણને જવાબ આપતાં કહ્યું, 'મહારાજ. ભગવાન ઈન્દ્રએ ભલે શાપ આપ્યો કે વરસાદ નહિં આવે. પણ જો હું અને મારો પુત્ર આ ખેતી માટે મહેનત મજૂરી ચાલુ ન રાખીએ તો અમે ખેતી ભૂલી જઈએ, ઈંદ્ર ભગવાન ભલે વરસાદ ન વરસાવે પણ અમારે અમારું કર્મ ભૂલવાનું નથી.'

ઈન્દ્રને પણ ખેડૂતની વાત વ્યાજબી લાગી કે જો પોતે પાંચ વર્ષ વરસાદ નહીં વરસાવે તો તેઓ પણ વરસવાનું ભૂલી જશે. આમ ઈન્દ્રએ વરસાદ ન વરસાવવાનો શાપ પાછો ખેંચી. વરસાદ ધોધમાર વરસાવ્યો.

આવકારદાયક અંદાજપત્ર

તંત્રીસ્થાનેથી...

નાયબ મુખ્યમંત્રી પદ મળ્યા છતાં નીતિન પટેલ એમનું પ્રિય નાણાંખાતું પ્રાપ્ત કરવા 'સત્યાગ્રહ' કર્યો હતો. એમણે રજૂ કરેલ પાંચમા બજેટ દ્વારા એમણે એ ખાતા માટેની લાયકાત પુરવાર કરી છે. કોઈ પણ કરવેરા વગરના એમના આ બજેટ પાછળ આગામી લોકસભાની ચૂંટણીમાં અત્યારના રિસાયેલા મતદાર સમૂહોને રાજી કરવાનો અભિગમ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. રાજય ભલે દેવાદાર બની ગયું હોય છતાં એ 'કલ્યાણ રાજ' છે એની પ્રતીતિ કરાવતા આ બજેટમાં નાણામંત્રીએ ખેડૂતો અને મધ્યમવર્ગ ઉપરાંત બેરોજગાર યુવા વર્ગ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું છે. ખેતી માટેની લોન ઉપર અગાઉ ૪ ટકા વ્યાજ હતું. આનંદીબે પટેલની સરકારે ૧ ટકો કર્યું હતું. હવે એ સંપૂર્ણપણે વ્યાજમુક્ત કરી દેવાતાં સ્વાભાવિક રીતે જ નાના ખેડૂતો હરખાશે. દેવામાફી જેવું જોખમભર્યું પગલું નહીં ભરી નાણાંમંત્રીએ વિવેક દંષ્ટિનો અહેસાસ કરાવ્યો છે. બીજી તરફ મા અમૃતમ્ યોજનાના લાભાર્થીઓમાં ત્રણ લાખની વાર્ષિક આવક ધરાવતા દરદીઓને સામેલ કરી મધ્યમ વર્ગ માટે ખરેખર આશીર્વાદરુપ કહી શકાય એવું પગલું ભર્યું છે. ઘૂંટણની સર્જરી માટે અને કિડની, લિવર તેમજ પૅનક્રિયાસ જેવાં અંગોની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી માટે પણ બજેટમાં માતબર રકમ ફાળવાઈ છે તો વળી બેરોજગાર સ્નાતકો અને ડિપ્લોમા હોલ્ડર યુવાનો માટે પ્રતીકાત્મક રકમ મુખ્યમંત્રી ઍપ્રેન્ટિસશિપ યોજના હેઠળ ફાળવવાની શુભચેષ્ઠા પણ આવકારદાયક ગણાવી જોઈએ. કેન્દ્ર દ્વારા મળનારી સહાય અને જીએસટીના લાભાંશ ઉપરાંત રાજય સરકાર વિદેશી બ્રાન્ડના દારૂ પર ટૅક્સ વધારી એ નાણાંનો સદુપયોગ કરવા માગે છે. બજેટ જેવું જાહેર થાય કે તરત એનો વિરોધ જ કરવો - પોઈન્ટ ઑફ ઑર્ડરની વ્યવસ્થા નહીં હોવા છતાં એ મુદ્દે વાંધો ઉઠાવવો અને ખીસામાં આણેલી મગફળી અધ્યક્ષ તરફ ફેંકવી તે વિપક્ષ માટે અપેક્ષિત ભૂમિકા ન ગણાય. વિપક્ષે રચનાત્મક વિરોધ જરૂર કરવો જોઈએ પણ બજેટ સ્પીચનો બહિષ્કાર કરવા જેવું આત્યંતિક પગલું ન ઉઠાવવું જોઈએ. શહેરોએ ભાજપને સહકાર આપ્યો છે એનો પડઘો નીતિનભાઈના બજેટમાં પણ શહેરીકરણ સાથે સંકળાયેલી માળખાકીય સુવિધાઓ માટે ફાળવાયેલ રકમમાં જોઈ શકાય છે. એકંદરે આ કરભારણ વિહોણું અને પુરાંતવાળું બજેટ નાણાં ખાતું સંભાળતા નાયબ મુખ્યમંત્રી કલગીમાં વધુ એક છોગું ઉમેરનારું છે અને આગામી સમયગાળામાં સરકાર તથા પાર્ટીમાં એમની આગવી ઓળખ ઊભું કરનારું નીવડશે.

અમારા શ્રીમતીજીની પાકકલા

હાસ્યલેખ
બપીન ત્રિવેદી

આમ તો નવી નવી વાનગીઓ બનાવી અને બધાને ખવરાવવાની દરેક ગૃહિણીને હોંશે હોય છે. પરંતુ ટી.વી. પર રસોઈ શૉ આવતા થયા પછી અને ગૂગલ ગુરુની પાઠશાળાની શોધ થયા પછી નીત નવા ફ્યુઝન અને ફોઝન વાનગીના પ્રયોગ વધવા લાગ્યા છે. ફ્રીજ અને ઑવનના આશીર્વાદથી (વાસી) ખીચડીના પકોડા, (વાસી) ભાતના ભાતભડાકા જેવી હિંગ, લસણ, લીલા મરચાં અને દહીં વિગેરેની ગ્રેવી મિશ્રત કોઈ પણ નવી વાનગી બને અને પડોશીઓને તેની જાણ ન થાય તે કેમ ચાલે. આથી અમારા શ્રીમતીજી જે પણ નવા પ્રયોગ અમારા ઉપર કરે તેનો લાભ મલકાતાં મોઢે પડોશીઓને પણ આપે. આમાંથી વધી ઘટી રસોઈ હોય તે ગાયને આપવાની પણ ટેવ ખરી.

પરંતુ એક વખત એવું બન્યું કે તેમના હાથની બનાવેલી રસોઈ ગાયએ ખાધા પછી શું થયું હશે તે બીજા દિવસથી એ ગાય અમારા ઘર તરફ આવતી જ બંધ થઈ ગઈ. અમારા શ્રીમતીજીએ જુએ એટલે ગાય જમ ભાળી ગઈ હોય તેમ ભય પામીને ડોળા કાઢતી અને માથું ધૂણાવતી બીજાના ઓટલા તરફ જતી રહે. અમારા શ્રીમતીજી એમ સહેલાઈથી હાર થોડા માને ! ગાયની પાછલ પડીને તેને આંતરીને ધરાર તેનાં મોં માં રોટલી ઠૂંસવા અથાગ પ્રયત્ન કર્યા. પરંતુ ફાવ્યા નહીં. ગાય ભડકીને ભાગી અને રમતાં છોકરાંઓમાંથી એક બે ને અડફેટે લેતી ગઈ. ત્યાર પછી તો તે ગાય સમુળગી અમારી સોસાયટીમાં આવતી જ બંધ થઈ ગઈ હતી. અમારા શ્રીમતીજીનું એવું ત્યારે. મૂડ હોય તો રસોઈ આંગળા ચાટી જઈએ એવી બની. નહીં તો પછી ચડી તો ચડી અને ન ચડી તો... ખીચડી સમજ્યા.

સાંજના સમયે વાળુ માંગવા વાળા પર કદાચ આવા જ કોઈ કારણસર અમારું એક ઘર છોડીને આગળના ઘરે વાળું માંગવા જવાનું પસંદ કરતા હશે એવું અમને લાગે છે.

જો આ બધાની આ હાલત હોય તો અમારી શી દશા થતી હશે. એમાંયે પહેલેથી અમારા ઘરના સંસ્કાર એવા કે, ગમે તેવી રસોઈ બની હોય પરંતુ કોઈએ પણ રસોઈને વખોડવાની નહીં. વખાણ કરી કરીને જ ખાવાનું. એટલે ખોટું ખોટું પણ અમારે કહેવાનું કે, 'આ તમારા હાથની રસોઈ ખાધા પછી બહારના લારી ગલ્લા અને હોટલોની વાનગીઓ જરાય ભાવે જ નહીં હોં.' આવું સાંભળીને પેલા મનોમન ફુલાય.

એક વખત એક દુર્ઘટના એવી બની કે જેના માઠા પરિણામો અમારે ઘણા દિવસો સુધી ભોગવવા પડ્યા. ઘરનું સેટઅપ એટલું બગડી ગયું કે, કાયમ શ્રીમતીજી એપસેટ રહ્યા કરે. ઘર છે તે ઘર ના બદલે કોપભવન બની ગયું હતું. બધું સેટરાઈટ કરવા માટે અમારે ઘણી ચતુરાઈ વાપરવી પડી હતી. વાત જાણે એમ બની હતી કે, એક અશુભ દિવસે હરરોજ અમારી સોસાયટીના નાકે મળતી સાયકાલીન સભાના સભ્યો શંકરલાલ, ચા ના ચસકુડીયા નવીનભાઈ, રસયોગેશ્વર બંડીસ્વામિ, લારીમાંથી પાણીપુરીને શુન્ય કરી જનાર, પાણીપુરીના શોખીન એવા 'શૂન્ય' પાણીપુરી અને ઉપાધિ આયી, ઉર્ફે ઉપાધ્યાય વિગેરે મિત્રો યોગાનુયોગ મારા ઘરે ભેગા થયા હતા.

વાત વાતમાં શંકરલાલે મિત્રો વચ્ચે તેમનું દુઃખ ગાતાં જણાવ્યું કે, 'મારા શ્રીમતીજીનો મૂડ સારો હોય ત્યારે જ સારી રસોઈ બનાવે છે અને મૂડ સારો ન હોય ત્યારે કોઈને ભાવતી ન હોય તેવી રસોઈ માથે મારે છે. ઘરના બધા જ કંટાળી ગયા છે. કારણ કે તેમનો મૂડ કયારેક જ સારો રહેતો હોય છે.'

અમે ઉત્સાહમાં આવી અને બધા ગયા, 'અરે શંકરલાલ, એમાં વળી આપણે પુરુષોએ સહન કરવાનું થોડું હોય. આ મારો જ દાખલો લો ને. મને જયારે જયારે તમારા ભાભીની રસોઈ ફિક્કી અને સ્વાદ લાગતી હોય ત્યારે ત્યારે, હું તબિયતનું બહાનું કાઢી અને ઘરે ઓછું ખાવ છું. અને ઓફિસમાં જઈને રિસેસમાં કેન્ટીનમાં મનગમતી વાનગીઓ મંગાવીને ટેસથી જમું છું. ઘરેથી ટિફિન લાવ્યો હોઉં તે ગાય કૂતરાંને કે પટાવાળાને ખવરાવી દઉં છું. આખરે આપણે કમાઈ છીએ કોના માટે યાર ?'

અમને ખબર ન રહી કે અમારા શ્રીમતીજી રસોડામાં ચા બનાવતા હતા, તે અમારી વાત કરવા કાન રાખી અને સાંભળતા હતા. બધા મિત્રોના ગયા પછી અમારી શી વલે થઈ હશે તેની કલ્પના કરી લેશો. જો કે આ દુર્ઘટના પછી અમારી કાયમની નિરાંત થઈ ગઈ. અમે રખેને ટિફિન ગાય કૂતરાંને કે પટાવાળાને ખવરાવી ન દઈએ એ બીકથી શ્રીમતીજી તેલ તરતું હોય તેવા અને ચડિયાતા મસાલા વાળા દાળશાક જ બનાવી અને અમારા ટિફિનમાં મૂકતાં. અમારા સાથી કર્મચારીઓ તરતા તેલ વિશે કોમેન્ટ કરે ત્યારે અમે કહીએ, 'આ તેલ નહીં પણ અમારા શ્રીમતીજીનો પ્રેમ તરે છે.'

તેમના હાથની રસોઈ અમને ભાવે છે અને અમે ઑફિસમાં ખરેખર તે ખાઈએ છીએ તે બાબતે તેમને અમે નિવૃત્ત ન થયા ત્યાં સુધી શંકા રહ્યા કરી. વાળી વાળી અને ફેરવી ફેરવીને આ બાબતે તેઓ અવારનવાર ખાતરી કરી લેતા.

લગ્ન જેવા પ્રસંગોમાં જવાનું થાય ત્યારે પોતે જાણે નિષ્ણાંત શેફ હોય તેવી અદાથી લબકારા મારતી જીભે તગારા ભરી ભરીને બંગાળી, કલકત્તી અને દિલ્હી ચાટ જેવા ચાટ ચાટતાં ચાટતાં અને વાનગીઓ ખાતાં ખાતાં ડ્રમ જેવા દેહને કાઉન્ટરો પર ફેરવે ત્યારે તેઓ ચાલતા ચાલતા ડોલે છે ડોલતા ડોલતા ચાલે છે તે જ નક્કી ન થાય. મારા જેવા સમદુખિયારાઓએ એમ ન માનવું કે આખી અવની પર તેઓ એકલા જ છે.

સુરેશ દલાલના વિચારોનો વૈભવ

મનના ઉમંગો
રણછોડ પરમાર

॥ મણકો - ૪ ॥

(૧) પ્રાર્થના આત્માને સ્વચ્છ કરતી સાવરણી છે.

-ગાંધીજી

ગાંધીજીની વાણી સીધી, સાદી સરળ-એમના જીવન જેવી, ગંગાના જળ જેવી.

ગુજરાતી ભાષા ધન્ય છે કે એમની આત્મકથા આપણી માતૃભાષામાં મળી.

ગાંધીજીનાં વાક્યો ટૂંકાંટચ. જલેબી જેવું ગોળ ગોળ કશું એમને ફાવે નહીં. રાજકારણનો જીવ, તાજકારણનો નહીં. દેશસેવા એ જ પ્રભુસેવા સત્ય એ જ પરમેશ્વર.સમગ્ર જીવન પ્રયોગ શાળા. આવો માણસ ફરી પાછો ક્યારે થશે એ જ પ્રશ્ન છે.

'સંભવામિ યુગે યુગે' એવું શ્રી કૃષ્ણે કહ્યું.

પણ પ્રશ્ન એ છે કે ગાંધી ક્યારે થશે અને કયા યુગમાં ?

અને માની લો કે ગાંધી ફરી પ્રગટે તો યુગને એની જરૂર છે ખરી ?

આજે ગાંધીજી જીવતા હોત તો ગોડસે હત્યાના પાપમાંથી બચી જાત.

આ બધો ભ્રષ્ટાચાર અને ગંદવાડ જોઈ ગાંધીજીએ આત્મહત્યા કરી હોત.

છેલ્લા દિવસોમાં એ નિર્ભ્રાંત થઈ ગયા હતા.

સોનાના ચહેરાવાળા માણસો આખરે માટીપગા નીકળ્યા.

પ્રાર્થનાનો સંકુચિત અર્થ લઈને આપણે જીવીએ છીએ.

મુશ્કેલીમાં જે કરીએ તે પ્રાર્થના, મદદ માટેની યાચના તે પ્રાર્થના નહીં.

સાચી પ્રાર્થના કરવાની નથી હોતી, એ આપમેળે થતી હોય છે.

પ્રાર્થના એટલે ઈશ્વરનું સાન્નિધ્ય- થોડીક ક્ષણો જાત સાથે પણ વાત કર્યા વિના નર્યાં મૌનમાં જીવીએ તે.

પ્રાર્થનાને ભાષા નથી હોતી. ભાષાથી એ પર છે.

હૃદયના ઊંડાણમાં કેટલી હદે ઊંડે ને ઊંડે જઈ શકો છો અને ત્યાં સ્વસ્થ અને સ્થિર રહી શકો છો

એને આધારે પ્રાર્થનાનું શિખર પ્રગટે છે.

હૃદય શાંત, સ્વચ્છ , આરસના મહેલ જેવું ડાઘડૂઘ વિનાનું જોઈએ.પ્રાર્થના રોજ થવી જોઈએ. બધા જ જોડે બોલબોલ કરીએ અને ઈશ્વર સાથે જ અબોલા ?

આ કેમ ચાલે ? ઘરમાં રોજ ઝાડુ કાઢીએ તો કંઈક ને કંઈક ધૂલ , કચરો ઈત્યાદી નીકળે જ છે.મનમાં પણ જાતજાતના સારાનરસા ચિત્રવિચિત્ર વિચારો-વિકારો આવનજાવન કરતા જ હોય છે.

વિચારના ડાઘા મનને લાગ્યા વિના રહેતા નથી. એ મનને દુષિત અને દોષિત કરે છે.પ્રાર્થના દોષને દૂર કરી આપણને નિર્દોષ કરે છે.

પ્રાર્થના એ જાત સાથેનો સંવાદ છે. સંવાદ એટલે અહીં વાર્તાલાપનો-ડાયલોગનો કેવલ અર્થ નથી. સંવાદ એટલે હાર્મની. સુમેળમાંથી પ્રગટતું સંગીત. અનેક વાધ્યો વાગતાં હોય અને તેમાંથી જે સંગીત પ્રગટે તે.

આપણામાં રહેલાં અનેક સત્વો અને તત્વો એક જ ભૂમિકાએ કોઈ પણ પ્રકારના ખટરાગ કે વૈમનસ્ય વિના થતું મિલન.

હું પ્રાર્થના કરું છું ત્યારે શું કરું છું ? અસહાય થઈને મદદ માગું છું?

વિનંતી કરું છું .કાકલુદી - આજીજી કરું છું ?

વિષમ પરિસ્થિતિઓમાંથી ઉગરવા માટે પ્રાર્થું છું.

વાતચીતમાં એક સાધુએ કહ્યુ' તું : 'પડોશી પાસે મદદ માંગો છો તો ઈશ્વર પાસે મદદ માગવાનો શો સંકોચ ? માબાપ પાસે બાળક નહીં માંગે તો કોની પાસે માગે ?' આપણું ધ્યાન એ રાખતો હોય જ છે.પણ આપણે જુદી જુદી રમતોમાં- મમતોમાં બેધ્યાન થઈ જઈએ છીએ.

પ્રાર્થના ચમત્કાર વિનાનો ચમત્કાર છે. આપણને શાંત , સ્વસ્થ અને નિર્ભય કરે છે. પ્રાર્થના નમ્રતાનો અધિકાર છે.

(વિચારોનો વૈભવ-સુરેશ દલાલ પ્રકરણ ૩૭ . પૃષ્ઠ-૫૩)

(૨) પ્રાર્થના પ્રભુ પાસે પહોંચવાની પાંખ છે, ધ્યાન ધણીનો સાક્ષાત્કાર કરવાની આંખ છે. - અનામી

વર્ષોથી એક માન્યતા મારા મનમાં દઢ થઈ ગઈ છે કે , આપણે જે પોતા માટે માગીએ છીએ તે યાચના છે અને બીજા માટે માગીએ તે પ્રાર્થના છે.

ભિક્ષુક વૃત્તિમાંથી પ્રાર્થનાનો કદીયે જન્મ થતો નથી. ઈશ્વર પાસે માગવામાં કોઈ નાનમ ન હોવી જોઈએ. પણ સતત માગ માગ કર્યા કરવું અને માગણ થઈને ફર્યા કરવું એમાં કોઈ જયવારો નથી. પ્રાર્થનામાં હોય છે હૃદયની નરી આર્દ્રતા.

પ્રાર્થના ચૈતન્યની ઔષધિ છે. જેમ કાયા કલ્પ થાય છે, તેમ ચૈતન્યકલ્પ પણ મનુષ્યને માટે એના સમગ્ર આયુષ્ય દરમ્યાન અનિવાર્ય છે.

કેટલાક માણસો સવારના પહોરમાં ટૂથબ્રસ કરતા હોય તેમ પ્રાર્થના કરતા હોય છે. એક નર્યા ક્રિયાકાંડ રૂપે.

પ્રાર્થના શબ્દથી થાય છે, પણ એથી વિશેષ તો એ મૌનથી થાય છે.

મૌનનો ઉત્તમ અર્થ એ છે કે પોતાના મન સાથે પણ વાતચીત નહીં.

આ મૌનમાંથી જ કદાચ "મુનિ" શબ્દ આવ્યો હશે.

ધ્યાન સર્વોત્તમ છે. ધ્યાન ધરવું એનો અર્થ એટલો જ કે, આપણા મનમાં વિચારોનો જે ટ્રાફિક જામ હોય છે એને આઘોપાછો કરી દેવો.

વિચારોના ટોળાને આપણા જ પોલીસ થઈને લાઠીચાર્જ કરી હાંકી કાઢવું.

વિચારોનાં કરોળિયાના જાળાંને ખંખેરી નાખવાં. આ બધું પ્રારંભમાં કરવું પડે. કશુંક કરો છો એનો અર્થ એવો થયો કે તમે પ્રયત્ન કરો છો. પ્રયત્નનો અર્થ એટલો થયો કે આ સહજ નથી.

ધ્યાન કે પ્રાર્થના લોહીના લય જેમ સહજ હોવી જોઈએ.

ધ્યાનમાં પ્રારંભમાં માણસે પોતાના મનને કશાક પર એકાગ્ર કરવું જોઈએ.

તમારી ઈષ્ટમૂર્તિને આંખ સમક્ષ લાવીને એકાગ્રતા સાધી શકાય અથવા ક્યાંક જળના ટીપાંનો ધ્વનિ સંભળાતો હોય તો પ્રારંભમાં એ ધ્વનિમાં પણ મન પરોવી શકાય.

એકાગ્ર થવું એનો અર્થ આટલોઃ અનેકમાંથી છૂટવું, એકમાં મન સ્થિર કરવું. વર્ષો પહેલાં ટ્રેનમાં દિલ્હી જતો હતો . ત્યાં ટ્રેનમાં એક વેપારી મળ્યા. ધ્યાનને સમયે એ ધ્યાન કરતા હતા.

મેં એમને પ્રશ્ન પૂછ્યો કે " તમે ધ્યાન કરો ત્યારે તમને શું થાય છે ?'

એમણે જવાબ આપ્યોઃ 'આમ તો કશું જ નહીં, પણ શહેરમાં કર્ફ્યુ હોય ને માંડ એકાદ-બે માણસની અવરજવર હોય એમ એકાદ- બે વિચાર ફરકી જાય.'

ધ્યાનમાં મન વિચારહીન નથી હોતું, વિચારશૂન્ય હોય છે.

શૂન્યતા જ હંમેશા સભરતા માટે અવકાશ આપે છે.

ને... ખાલી હોય ત્યારે જ કશું અંદર સાત્વિક ઉમેરાય.

કોઈ પણ પંખી આંખ વિના જોઈ શકતું નથી ને પાંખ વિના ઉડી શકતું નથી.

પ્રાર્થના એ પાંખ છે, ધ્યાન એ આંખ છે.

આ પાંખ અને આંખથી જ ઈશ્વરના આકાશનો અનુભવ કરી શકાય.

(વિચારોનો વૈભવ-સુરેશ દલાલ પ્રકરણ ૧૦. પૃષ્ઠ-૧૭)

મા, માતૃભાષા અને માતૃભૂમિના મહત્ત્વને પિછાણી વિશ્વમાનવ બનીએ !

લાગણીનો મેળો
રસિક વાળંદ

લાગણીનો મેળો
કો'કના વેણને વીણી વીણીને વીરા,
ઉછી-ઊંધારાં ન કરીએ;
હૈયે ઊગે એવી હૈયાની વાતને
ફૂલની જેમ ફોરમતી કરીએ !
કોયલ તો કોઈનો ટુહુકો ન માગે,
ને મોરલો કોઈની કેકા;
માનવીનું કાળજ આ કેવું ઘડ્યું,
પીડ પોતાની, પારકા લહેકા!
રૂડા રૂપાળા સઢ કો'કના શું કામના !
પોતાને તુંબડે તરીએ !
ઉછી - ઊંધારાં ન કરીએ!

- મકરંદ દવે

●●●

'નકલમાં કદી અક્કલ ન હોય, 'અનુકરણ એ જ મરણ.' - આ ઉક્તિઓ સૌએ સાંભળી છે છતાં મોટે ભાગે પોતીકું છોડી પારકું અપનાવવામાં ગૌરવ અનુભવનારો વર્ગ આપણે ત્યાં વિસ્તરવો જાય છે. ખાન-પાન, બોલચાલ, રીતરસમ ને આચાર-વિચાર બધું જ બદલાવામ માંડ્યું છે. જે ડાળ પર બેઠો હોય એને જ કુઠારાઘાત કરનારો વર્ગ આજે બહુમતીમાં જોવા મળે છે.

ખેદની વાત તો એ છે કે 'જયાં જયાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.' આ ગૌરવ ગુજરાતીઓ ભૂલતા જાય છે. ભાષા ભુલાય એની સાથે સંસ્કૃતિ પણ ભુલાય. ગુજરાતી માબાપો પોતાનાં બાળખોને 'ગુજરાતી' બોલતાં આવડતું નથી એવું વટભેર જાહેર કરતાં જોવા મળે છે. અંગ્રેજીનું ઘેલું એવું તે લાગ્યું છે કે ન પૂછો વાત... અંગ્રેજો તો ગયા પણ અંગ્રેજીની ગુલામીમાંથી કયારે મુક્ત થઈશું ?! ગમે તે ભોગે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં જ ભણાવવા' આવા સંકલ્પબદ્ધ ગુજરાતીઓ ઠેર ઠેર નજરે ચડે છે.

મિત્રો, અંગ્રેજી શિક્ષણ અને અંગ્રેજી માધ્યમનો જોરશોરથી પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે, પરિણામે માતૃભાષાનો મોહ ઘટ્યો ને પરભાષા સાથે પ્રીત બાંધી બેઠા. ખાસ તો ઈજનેરી - દાકતરી અભ્યાસક્રમો માટે અંગ્રેજી શિક્ષણ અનિવાર્ય એ વાત સ્વીકાર્ય છે. બીજી તરફ સ્વનિર્ભર શાળા - મહાશાળાઓનો રાફડો ફાટ્યો છે... મસમોટી ફી તેમજ તગડુ ડોનેશન આપીને પણ સંતાનને 'ફાઈવસ્ટાર' શિક્ષણ સંસ્થામાં ભણાવવા વાલીઓ અધીરા બન્યા છે. શૈક્ષણિક સંકુલો પર મલ્ટીનેશનલ કંપનીઓ જ જાણે જોઈ લો. આકર્ષક માર્કેટિંગને કારણે શૈક્ષણિક ઉદ્યોગ જગત આજે સો ટકા નફો કરતાં સાહસ બન્યા છે. જેને કારણે શિક્ષણ સાથે સ્નાનસૂતક ન હોય એવા ધનિકોએ તગડું મૂડી રોકાણ કરી ઠેર-ઠેર શિક્ષણની હાટડીઓ ખોલી બેઠા છે. સરકારી શાળામાં ભણવું એ નાનમ અનુભવવા જેવું લાગે. રાજય પરીક્ષા બોર્ડને સ્થાને સેન્ટ્રલ બોર્ડનો અભ્યાસક્રમ દાખલ કર્યો... જે બાળકોને માટે અઘરો હોય આ માટે સ્પેશિયલ કોચિંગ કે ટ્યૂશન રાખવાં જ પડે. મોંઘા પુસ્તકો, યુનિફોર્મ, ઈતર સાહિત્ય, આ ઉપરાંત અન્ય ખર્ચા... આવા મોંઘાદાટ શિક્ષણે દાટવાળી નાખ્યો છે. બિચારો મધ્યમવર્ગ દેખાદેખીએ ખેંચાય છે. આવા ગાડરિયા પ્રવાહમાં સમાજનો બહુજનવર્ગ ન છૂટકે ઢસડાય છે. પહોંચ નથી છતાં પરામે ખેંચાવું પડે એવો ઘાટ સર્જાયો છે. આવી આંધળી ઘેલછા વાલીઓને આર્થિક રીતે પાયમાલ કરે છે તો એના કરતાંય બદતર હાલત તો પેલા બાળકની થાય છે... પણ એ કોઈનેય દેખાતી નથી.

દોસ્તો, દુનિયાના બધા જ દેશો માતૃભાષા દ્વારા જ શિક્ષણ અપાય એવો જ આગ્રહ રાખે છે. વ્યક્તિ ઘડતર માટે ઘર-શાળા - સમાજને ફાળો મહત્ત્વનો હોય છે. રોજિંદા વપરાશની ભાષા જ બાળકના વિકાસમાં સિંહફાળો આપી શકે. એ વાત આપી દુનિયા સ્વીકારે છે. ખોટા ખ્યાલો ને દેખાદેખીનું આંધળું કીયું કરી પૈસા વેડફી પાલ્યને પીડા આપીએ છીએ. મિત્રો, શિક્ષણ સાથે સંકળાયેલા સૌ કોઈ જાણતા જ હશે કે આપણા શિક્ષણશાસ્ત્રનો પાયો સિદ્ધાંત છે 'જ્ઞાતથી અજ્ઞાત' - જ્ઞાનભાષાના માધ્યમથી અજ્ઞાત વિષય સમજવો સહેલોને સરળ થઈ પડે. જે અહીં ઊલટું જોવા મળે છે. આજ કારણે બાળક નિરર્થક બોજ તળે દટાય છે. શિક્ષણના આવા અવળા ડોઝથી બાળક નિરાંતે જમી શકતું નથી કે હળવાશથી રમી પણ શકતું નથી. પોપટીયા જ્ઞાનની પારાવાર પીડામાં બાળકની સહજતા કરમાઈ જાય છે.

અહીં અંગ્રેજી ભાષાની નિંદા નથી પરંતુ પરભાષા એ ચશ્માં છે જયારે માતૃભાષા એ આંખ છે. એ ન ભૂલીએ. આંખ વગર ચશ્માંની શી કિંમત? માતૃભાષાના પાયા પર માણસ અનેક ભાષા શીખે અને વ્યક્તિત્વને વ્યાપક બનાવી શકે. મારા ગુજરાતી ગુરુજનો ફાંકડું અંગ્રેજી બોલતાં... બહુભાષી વિદ્વજનોની એક આખી પેઢી ગુજરાતના શિક્ષણજગતને અજવાળતી હતી એ દિવસો જોયા છે. માતૃભાષામાં ભણીગણીને વિશ્વફલક પર છવાયેલી અનેક હસ્તીઓ આજે જોવા મળશે. મા, માતૃભાષા અને માતૃભૂમિના મહત્ત્વને પિછાણી વિશ્વમાનવ બનીએ !!

સ્પર્શમણિ :

હક્કથી વાત થઈ શકતી નથી હતી ત્યાં Please આવી ગયું છે અને આ શું ???

સાચા સંબંધોમાં પણ Sorry હોય છે ??? ખબર જ નથી પડતી કે ફરજમાં Thanks ક્યાંથી???

માત્રને માત્ર બધાને જેન્ટલમેન જ દેખાવું છે અને અંગ્રેજીમાં માસ્ટર થવું છે.

પણ શું એના માટે માતૃભાષાનો ભોગ લેવો જરૂરી છે?

મારે માત્ર એટલું જ જાણવું છે...

મોટાને પણ કેહવાનું You અને નાના માટે પણ You ??

તો તો શું મોટાઈ છે આ ભાષાની ???!

અરે આના કરતાં તો સારી છે માતૃભાષા ગુજરાતી. સાંભળતાં જ હૃદય મોજમાં આવી જાય છે. જયાં માન અને સન્માનનો ભેદ તો દેખાય છે.

જયાં હૃદયથી આવકાર મળે છે અને છૂટા પડતી વખતે આવજો નો આવકાર મળે છે.

મને ગર્વ છે કે હું ગુજરાતી છું !!!

rasikvaland1965@gmail.com